| **Headline:** NSE inks pack with Mauritius stock exchange | |
|---|---|
| **Source:** Vyaapar Gujarati | **Date:** 07 September 2015 |

# એનએસઈ અને મોરેશિયસના સ્ટોક એક્સચેન્જ વચ્ચે કરાર

મુંબઈ, તા. ૪ સપ્ટે.

દેશના અગ્રણી શૅરબજાર નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) એ સ્ટોક એક્સચેન્જ ઓફ મોરેશિયસ સાથે સમજૂતીપત્ર પર કરાર કર્યા છે. જેથી બન્ને બજારો વચ્ચે સંકલન વધશે.

એનએસઈએ જણાવ્યું હતું કે બન્ને સંસ્થાઓ વચ્ચે સંકલન વધારવા સાથે નોલેજ શેરિંગ માટે માર્ગ તૈયાર થશે અને વૃદ્ધિ તથા વિકાસ માટે પરસ્પર સિનર્જી વધશે.

સ્ટોક એક્સચેન્જ ઓફ મોરેશિયસ જુલાઈ, ૧૯૮૯માં સ્થાનિક ઇક્વિટી કેન્દ્રિત એક્સચેન્જ તરીકેની કામગીરી શરૂ કરી હતી અને ત્યારબાદ સંચાલકીય તથા નિયમનકારી માળખામાં સુધારા કર્યા છે. તે આફ્રિકામાં અગ્રણી બજારો પૈકી એક બન્યું છે તથા મલ્ટિ એસેટ ક્લાસ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જીસમાં સ્થાન પામે છે. એસઈએમ ચાર આંતરરાષ્ટ્રીય કરન્સી યુએસ ડૉલર, યુરો, પાઉન્ડ, ઝેડએઆરમાં મલ્ટિ-કરન્સી, કેપિટલ રેઈઝિંગ, લિસ્ટિંગ અને ટ્રેડિંગ પ્લેટફૉર્મ તરીકે કામ કરે છે. એમઓયુ હેઠળ સંકલનના ક્ષેત્રમાં શિક્ષણ, તાલીમ અને સિક્યોરિટી માર્કેટમાં નોલેજ ટ્રાન્સફર થાય છે.